EDII

Navgujarat Samay

May 19, 2016
Page No. 5

### દેશની ટેક્નિકલ કોલેજોમાં ફેકલ્ટીની અછત ઘટાડવા માટે મંજૂરી અપાઈ

# ઉદ્યોગોના નિષ્ણાતોની ફેકલ્ટી તરીકે સેવા લેવાનો AICTEનો નિર્ણય

નવગુજરાત સમય > અમદાવાદ

દેશની ટેક્નિકલ કોલેજોમાં હાલમાં ફેકલ્ટીની ખૂબ જ તંગી છે. જેના પગલે ક્વોલિટી એજ્યુકેશનનો પ્રશ્ન ઊભો થાય છે. આ સ્થિતિમાં થોડીક રાહત મળે તે માટે AICTE (ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન) દ્વારા ઉદ્યોગના નિષ્ણાતોને ફેકલ્ટી તરીકે સેવા આપવાની મંજૂરી અપાઈ છે. જેના પગલે કોલેજોમાં ફેકલ્ટીની જે તંગી છે તેમાં 20 ટકા જેટલી રાહત થશે. ઉપરાંત નવા શૈક્ષણિક સત્રથી સમગ્ર દેશની ટેક્નિકલ કોલેજોમાં પ્રાયોગિક ધોરણે સ્ટાર્ટ અપ નીતિનો અમલ કરવાની કવાયત હાથ ધરાઈ છે. હાલમાં દરવર્ષે દેશમાં સરેરાશ દોઢ લાખ જેટલી એન્જિનિયરિંગની બેઠકો ઘટી રહી છે. છેલ્લા ત્રણ વર્ષથી આ સ્થિતિ થઈ છે. જોકે તેની સામે એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ન હોવાનું જાણવા મળે છે. જીટીયુ ખાતે આવેલા AICTEના ચેરમેન પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે પત્રકારો સાથે વાત કરતા માહિતી આપી હતી.



AICTEના ચેરમેને પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે ફેકલ્ટીની અછત અંગે જણાવ્યું હતું કે, દેશભરની કોલેજોમાં 30 ટકા ફેકલ્ટીની તંગી વર્તાઈ રહી છે. આ સમસ્યાના નિરાકરણ માટે ઉદ્યોગોના નિષ્ણાતોને એડજન્ક્ટ ફેકલ્ટી તરીકે સેવા આપવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના લીધે ટેક્નિકલ કોલેજોમાં ફેકલ્ટીની તંગીની સમસ્યામાં 20 ટકા જેટલી રાહત મળશે. ઉપરાંત આ પગલાંથી ઉદ્યોગો અને શિક્ષણક્ષેત્ર વચ્ચે સંબંધોને સેતુ પણ મજબૂત બનશે. જેનો ફાયદો વિદ્યાર્થીઓને મળશે. જીટીયુના કુલપિત ડો. અક્ષય અગ્રવાલે પણ તેમની વાતમાં સૂર પુરાવતા જણાવ્યું હતું કે, ઉદ્યોગો સાથે સંપર્ક વધારવા આ નવી સિસ્ટમ અમલમાં મુકવા જીટીયુ તૈયાર છે અને તેના માટે ઉદ્યોગકાર જૈમિન વસાના નેતૃત્વમાં ખાસ નીતિ ઘડવામાં આવી રહી છે.

**નવા શૈક્ષણિક વર્ષથી કોલેજોમાં પ્રાયોગિક ધોરણે સ્ટાર્ટ અપ નીતિનો અમલ કરાશે**

AICTE તરફથી ટેક્નિકલ શિક્ષણ સંસ્થાઓ માટેનું રાષ્ટ્રીય માળખું અને નીતિ ઘડવા માટેની બેઠકો યોજવામાં આવી રહી છે, તેમાં સૌપ્રથમ બેઠક ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (EDI) ઓફ ઈન્ડિયા તરફથી બુધવારે યોજાઈ હતી. પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે જણાવ્યું કે, જૂલાઈ-ઓગસ્ટથી શરૂ થનારા નવા શૈક્ષણિક સત્રથી દેશભરની ટેક્નિકલ કોલેજોમાં પ્રાયોગિક ધોરણે સ્ટાર્ટ અપ નીતિનો અમલ કરાશે અને આગામી એક વર્ષમાં તેમાં સુધારા વધારા કરીને તેને અંતિમ ઓપ આપી તેનો અમલ કરાશે.

તેમણે એન્જિનિયરિંગ કોલેજો વિશે કહ્યું કે, એન્જિનિયરિંગમાં દરવર્ષે 150થી 200 કોલેજો બંધ થઈ રહી છે અને તેની સામે બીજી નવી 150 કોલેજો શરૂ કરવાની અરજી આવે છે. જો કે નવી કોલેજો ફાર્મસી માટે અરજી કરી રહી છે. એન્જિનિયરિંગમાં ગતવર્ષે દોઢ લાખ બેઠકો ઘટી હતી. આ વખતે પણ એક લાખ જેટલી બેઠકો ઘટે તેવી શક્યતા છે. દેશમાં સાયન્સની સ્કૂલો ઓછી છે અને તેની સામે એન્જિનિયરિંગ કોલેજોની બેઠકો વધારો હોવાથી બેઠકો ખાલી પડે છે. ઉપરાંત ઘણી કોલેજો પોતાની રીતે જુદા જુદા કોર્સ બંધ કરી રહી હોવાથી પણ બેઠકો ઘટી છે. આ ઉપરાંત કોઈ કોલેજ સામે ફરિયાદ મળ્યા બાદ તપાસ કરી તેની બેઠકો ઘટાડવા માટે પણ નિર્ણય લેતા હોવાથી બેઠકો ઘટી રહી છે.